ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*ચૂંટણીમાં અપાતાં પોલાં-પેકેજ જુગાર નથી?*
*ગૂલાંટબાજોની સત્તા-સોદાબાજી જુગાર નથી?*
*દંડાય બિચારા 'શકુનિ' રમે નિજાનંદ માટે -*
*'આઈપીએલ' છે શું રાષ્ટ્રીય ખેલ ? જુગાર નથી?*

હાઈકુ

*નિકળી જાય!!*
*માલ્યા - નિરવ મોદી -*
*અટકે પૂંછ !!*
*(લ્યો! ચાર 'શકુનિ' મહિલા પરકી!!)*

*નાના 'તોડ'માં*
*એક ઘા - બે ટૂકડા*
*ને પતાવટ!!*
*(રોકડી થાય ટૂંકડી)*

### ચિંતન

**મૈં ઔર મોર તોર તૈં માયા, જેહિં બસ કીન્હે જીવ નિકાયા ।**
**એક દુષ્ટ અતિશય દુખ રૂપા, જાબસ જીવ પરા ભવકૂપા ॥**

**ઉપરોક્ત સાખી આનંદ રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**હું - તું અને તારું - મારું એ માયા છે. જેણે જીવને સુખના બંધનથી વશકર્યો છે. એક દુષ્ટ અને અતિશય દુઃખરૂપ છે, જેને વશ થઈને ભવ સંસારરૂપી કૂવામાં પડ્યો છે. આત્મા ચેતન છે, જે ત્રણ ગુણોવાળી જડ માયા સાથે બંધાયો છે. જીવ ઈશ્વરનો અશ છે અને પ્રકૃતિનો અંશ છે. મન આત્મદષ્ટિ : ભુલાવીને બુદ્ધિ-દષ્ટિ કરાવે છે કે 'હું કંઈક છું' ત્યારે ત્રિગુણાત્મક અહંકાર થયો. તેનાથી ઈન્દ્રિય, તેના દેવતા, વિષય વગેરે બધા જીવનમાં જોડાઈ ગયા. એ બધા જડ બંધન છે. 'જડમાં' બાંધવાની શક્તિ હોતી નથી. જયારે જીવ તેનાથી મોં ફેરવી લે ત્યારે જ બંધન મુક્ત થાય છે. બંધન વિચારવાથી જ જુઠ્ઠું લાગે છે, કારણ કે બાંધવું કે છોડવું જયારે આપણા હાથમાં હોય, ત્યારે તે સાચું કેવી રીતે કહેવાય ?**

### સુવિચાર

- યુવકોનું ગૌરવ એમની શક્તિ છે, વૃદ્ધોનું ગૌરવ એમનો અનુભવ છે - **શ્રીલંકન કહેવત**
- શ્રેષ્ઠ આચાર-વિચાર જ વ્યક્તિત્વને તેજસ્વી બનાવે છે - **જનકલ્યાણ**
- સાચી શ્રેષ્ઠતા નદીની જેમ હોય છે, જે જેટલી ઊંડી હોય છે, એટલો ઓછો અવાજ કરે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંદેહની સ્થિતિમાં દયાની તરફ ઝુકી જવું જ સર્વોત્તમ છે, આ એક ન્યાયી પદ્ધતિનું સૂત્ર છે - **વોલ્તેર**
- સુંદરતા આંખોને પ્રભાવિત કરે છે, પણ શ્રેષ્ઠતા આત્મા પર વિજય પ્રાપ્ત કરે છે - **સંત રોબિન**
- સમસ્ત વિલાસિતા નૈતિક સિદ્ધાંતોને તથા રાજયને ભ્રષ્ટ કરે છે - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : ઘોડાવેલ અને સરસવના ફુલને વાંટીને વધરાવળ ઉપર લગાડવામાં આવે તો રાહત થાય છે અને સોજામાં ફેર પડે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુરુ સાથે કરવામાં આવેલા છળનું પરિણામ અન્ય સાથે કરાયેલા છળના પરિણામ કરતા ભયંકર હોય છે. કર્ણ ધર્નુવિદ્યા શીખવા માગતો હતો. તે પરશુરામ પાસે ગયો. પરશુરામ કર્ણને બ્રાહ્મણ સમજીને શસ્ત્રવિદ્યા ભણાવતા હતા. એકવાર પરશુરામ કર્ણના ખોળામાં માથું રાખી સૂઈ ગયા હતા. એવામાં એક વીંછીને કર્ણના હાથ પર ડંખ માર્યો. ડંખને કારણે કર્ણને લોહી નીકળ્યું અને સખત બળતરા થઈ. કર્ણને થયું કે હું જરા પણ હલનચલન કરીશ તો મારી ગુરુસેવા ભંગ થઈ જશે એટલે એણે ચૂપચાપ પીડા સહન કર્યે રાખી. પરશુરામની આંખ ખુલી ત્યારે કર્ણનો હાત લોહીથી તરબતર હતો. પરશુરામે વિચાર્યું કે કોઈ બ્રાહ્મણમાં આટલી બધી પીડા સહન કરવાનું સાહસ અને ધીરજ ન હોઈ શકે. આથી પરશુરામે કર્ણને પૂછ્યું, 'તું કોણ છે ?' કર્ણએ સત્ય સ્વીકાર્યું અને કહ્યું, 'હું ક્ષત્રિય છું, તમે ક્ષત્રિયને વિદ્યા શીખવતા નથી, એટલે હું બ્રાહ્મણ બન્યો હતો. પરશુરામે ક્રોધથી ભભૂકી ઉઠ્યા અને શાપ આપ્યો.' તે છળ દ્વારા વિદ્યા અર્જીત કરી છે. તેને તું યુદ્ધ સમયે જ ભૂલી જઈશ.' અને ખરેખર મહાભારતના યુદ્ધ સમયે એવું જ થયેલું. કર્ણ અર્જુન સામસામે આવી ગયા ત્યારે જ કર્ણને પોતાની બાણવિદ્યાનું વિસ્મરણ થઈ ગયેલું.

# નીતિસંમત રાજનીતિના અટલયુગનો અંત

**તંત્રીસ્થાનેથી...**

દેશની આઝાદીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું પ્રદાન ભલે મર્યાદિત રહ્યું હોય પરંતુ એણે દેશને એક એવો કર્ણધાર ભેટ ધર્યો જે સદીઓ સુધી યાદ રહેશે. અટલ બિહારી વાજપેયી સાચા અર્થમાં ભારતીય લોકશાહીના પ્રતીક પુરુષ હતા. રાજનીતિ કરતાં એમને રાષ્ટ્ર વધારે પ્રિય હતું - એને જ અગ્રસ્થાને મૂકીને એ ચાલ્યા. ગઠબંધન રાજનીતિમાં ગઠબંધન ધર્મ પણ બજાવી જાણ્યો અને જરૂર લાગી ત્યારે પોતાની જ પાર્ટીમાં એકલા પડી જવાનું જોખમ વહોરીને સાચા નૈતિક મૂલ્યોને વળગી રહ્યા. એક સાધારણ બ્રાહ્મમ પરિવારમાં જન્મેલો આ તરવરિયો તોખાર એકી સાથે કવિતા અને રાજનીતિની બે ઘોડીવાળી બગીને આજીવન ખેંચતો રહ્યો. વાજપેયીએ રાજકારણ તો આપદધર્મ તરીકે સ્વીકાર્યું હતું. પ્રકૃતિથી તો એ શુદ્ધ 'કવિતાપુરુષ' હતા. ભારતવર્ષને એક રાષ્ટ્રપુરુષ તરીકે કલ્પીને લખેલું એમનું કાવ્ય કેટલું ભાવવાહી છે ! એમાં કાશ્મીરને એમણે રાષ્ટ્રના મસ્તક અને મુકુટ સ્વરુપે કલ્પ્યું છે. સાંસદ તરીકે ન ભૂતો ન ભવિષ્યતિ એવા પ્રખર પાર્લામેન્ટરિયન સ્વરુપે એ વર્ષો સુધી રોલમોડલ બની રહેશે. એમની પાસે વાણી હતી પણ વાણીવિલાસથી એ જોજનો દૂર રહ્યા. આદર્શ રાજનીતિને વળગી રહેવામાં માત્ર એમની સરખામણી મોરારજી દેસાઈ સાથે જ થઈ શકે. એક જ મતના અંતરથી હારી જઈ સ્વમાનભેર વડાપ્રધાનપદ છોડવાનો વિક્રમ એમના નામે નોંધાયો છે. તેર દિવસની સરકાર ગબડાવનાર વિપક્ષને એમણે સંસદમાં જે જડબેસલાક જવાબ આપેલો તે એક ઈતિહાસ બની ગયેલ છે. ધાર્યું હોત તો શામદામ દંડ ભેદનું રાજકારણ રમીને તેઓ સંસદમાં બહુમતી સિદ્ધ કરી શક્યા હોત. પરંતુ એમને આજના નેતાઓ જેવા હથકંડા અપનાવવાને બદલે સ્વમાનભેર રાજીનામું આપી દેવાનું પસંદ કર્યું હતું. એ વખતે એમણે ભગવાન રામચંદ્રનાં વચન ટાંક્યાં હતા : 'હું મરણથી ડરતો નથી, ડરુ છું તો ફક્ત અપયશથી.' વાજપેયીની મેઈડન સ્પીચથી તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ એટલી હદે પ્રભાવિત થયેલા કે એ યુવા સાંસદમાં એમને ભારતના ભાવિ વડાપ્રધાનના દીદાર થયા હતા. પંડિત નહેરુને એક ભાષણાં એમણે બેવડું વ્યક્તિત્વ ધરાવતા નેતા કહ્યા હતા. નહેરુમાં ચર્ચિલ અને ચેમ્બરલીન બેઉ દશ્યમાન થતા હોવાનો અભિપ્રાય આપ્યો હતો. છતાં એ જ રાત્રે એક બેન્કવેટમાં નહેરુએ એમને 'આજે તમો તમે જબરદસ્ત ભાષણ આપ્યું' કહી બિરદાવ્યા હતા. વાજપેયી પહેલી બિનકોંગ્રેસી સરકારમાં વિદેશપ્રધાન બન્યા ત્યારે એમની ચેમ્બરમાં જતી લોબીમાંથી નહેરુનો ફોટો ગાયલ થયેલો જોઈ વિચલિત થઈ ગયા હતા. તાત્કાલિક એ તસવીર ફરીથી એ જગ્યાએ ગોઠવાવી હતી. મતભેદ હોઈ શકે પણ મનભેદ એ કિન્નાખોરીને રાજનીતિમાં સ્થાન ન હોવું જોઈએ. વાજપેયીજીની કિડનીની બિમારીનો ઈલાજ થઈ શકે એ માટે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ એમને યુનાઈટેડ નેશન્સના પ્રતિનિધિમંડળના નેતા તરીકે અમેરિકા મોકલાવી આપેલા. બાંગ્લાદેશના ઉદય માટે વાજપેયીએ ઈંદિરા ગાંધીને દુર્ગા કરી બિરદાવેલાં. પોખરણમાં અમેરિકા જેવી મહાસત્તાની આંખોમાં ધૂળ નાખીને અણુધડાકો કરી દેશને પરમાણુ શસ્ત્રો ધરાવતા શક્તિશાળી રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરનારા આ રાષ્ટ્રપુરુષ નૈતિક મૂલ્યોના અઠંગ પુરસ્કર્તા હતા. અનુગોધરા રમખાણોના પગલે તેઓ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજીનામું આપે એમ ઈચ્છતા હતા. પોતે વડાપ્રધાન હોવા છતાં પાર્ટીને ઈચ્છાને માન આપી મૌન જરૂર રહ્યા પણ ગુજરાત આવીને મોદીને 'રાજધર્મ'ની શિખામણ આપી ગયા હતા. એમના કાર્યકાળ દરમિયાન પણ કયારેક એમને સંઘના દબાણમાં અણગમતાં પગલાં ભરવા પડે એવી પરિસ્થિતિ સરજાયેલી. ત્યારે એમણે કઠોર વલણ અપનાવ્યું હતું. ઘણી વાર એમના હૈયે હતું તે હોઠે આવી જતું અને એ પોકારી ઊઠતા : જાઉં તો જાઉં કહાં ?

## ઝિંદગી બડી હોની ચાહીયે, લંબી નહીં




*બાબુમોશાય ! ઝિંદગી બડી હોની ચાહીયે, લંબી નહીં*

*- આનંદ*

હૃષિકેષ મુખર્જીએ ૧૯૭૧માં ભારતીય સિનેમાની અમર ફિલ્મ 'આનંદ' બનાવી. રાજેશ ખન્ના અભિનિત 'આનંદ' કાલજયી કૃતિ છે. તેમાં પણ ખાસ કમાલ હતો ગુલઝાર સા'બના લખેલા સંવાદોની ચમત્કૃતિનો. કેન્સર સામે ઝઝૂમતો રાજેશ ખન્ના જયારે ઉપરોક્ત સંવાદ બોલે છે, ત્યારે દર્શકો તાળીઓથી વધાવી લેતા હતા. જીવન તો આપણે બધા જ જીવી જઈએ છીએ... પરંતુ આપણું જીવ્યું કેટલું સાર્થક થયું ? તેઓ કોઈ પ્રશ્ન પૂછે તો આપણી પાસે શું જવાબ હોય છે? ૧૦૦ -૧૦૦ વર્ષ જીવી જઈને આપણે શું કરી નાખવાના છીએ ? જીવનમાં વર્ષો નહીં, વર્ષોમાં જીવન ઉમેરતા આવડવું જરૂરી છે. આવી જ કંઈક વાત કહેતો એક શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી મળી આવે છે.

*ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જિવિત યૌવને ।*
*ચલાચલ મિદં સર્વં કીર્તિઃ યસ્ય સ જીવતિ ॥*

- ધન ચંચળ છે, ચિત્ત (મન) ચંચળ છે, યૌવન ચંચળ છે, જયાં બધું જ ચંચળ (અસ્થિર) છે તેવા આ સંસારમાં જેની પાસે કીર્તિ છે, યશ છે, તે જ જીવે છે.

ધન-સંપત્તિ પુષ્કળ હોય છતાં, તે ટકીને રહેતા નથી, મન તો આપણું મરકટ જેવું જ છે ! તે તો કયારેય આપણે સ્થિર કરી શક્યાં જ નથી. યુવાની તો આજે છે અને કાલે નથી. આ બધી પરિસ્થિતિમાં જે વ્યક્તિએ એવા કાર્ય કર્તા હોય જે લાંબા સમય સુધી યાદ કરાય તો તે વ્યક્તિ અમર થઈ જાય છે.

ભગતસિંહ, સુખદેવ, રાજયગુરુ માત્ર ૨૩-૨૪ વર્ષની ઉંમરે ફાંસીના માચડે લટકી ગયા હતા... પરંતુ આપમે આજે પણ યાદ કરીએ છીએ. હજી બે દિવસ પહેલા જ અટલ બિહારી વાજપાયી પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા પરંતુ તેમના ઉત્કૃષ્ટ કાર્ય હંમેશા તેમને જીવિત રાખશે... તાણી તોસીને દવાના હારડા લઈ લઈને પરાણે લાંબુ જીવન ખેંચવું - અને ઉમદા કાર્યો દ્વારા જીવનને જ ગ્લોરીફાય કરી દેવું આ બંનેમાં ઘણો ફરક છે.

## રવિવારે ધર્માભાઈ ગાંધીનગરમાં




સાહિત્ય વૃત્ત

● કડી સર્વ વિદ્યાલયના ફેકલ્ટી ઑફ એજ્યુકેશન ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી અને ટૂંકી વાર્તા લેખન કાર્ય અંગેનો એક શિબિર તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. જેમાં પ્રવીણભાઈ જોષીએ વાર્તા એટલે શું? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્ર લેખન, ભાષા શૈલી, સંવાદ કલા અને સંઘર્ષ વિષે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી. અને વિવિધ વાર્તાકારોની વાર્તાઓ રજૂ કરી હતી. પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ આભારવિધિ કરી હતી, જયારે અસ્મિતા પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા દર માસના ત્રીજા રવિવારે યોજવામાં આવતા, 'વાર્તાવાંચન', 'કાવ્યપઠન' અને ઉપરના 'વિચાર-વિમર્શ' કાર્યક્રમ અંતર્ગત; તા. ૧૯-૦૮-૨૦૧૮ને રવિવારે બપોરે ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના 'સમિતિ ખંડમાં' સે-૧૨, ઘ-રોડ, ગાંધીનગર ખાતે, જાણીતા દલિત વાર્તાકાર ધર્માભાઈ શ્રીમાળી (પાલનપુર) પોતાની વાર્તાનું વાંચન કરશે. જયારે કનુભાઈ અસામલીકર (ખેડા) સ્વરચિત કાવ્યોનું પઠન કરશે. જયારે ડૉ. સ્વપ્રિલ મહેતા નાટક (એકાંકી)નું પઠન કરશે જે અન્વયે સાહિત્ય વિવેચકો આ કૃતિઓ અન્વયે વિચાર-વિમર્શ કરશે. આથી સૌ સભ્યશ્રીઓ, સાહિત્ય રસિકો ભાવકોને આ સાહિત્યિક કાર્યક્રમમાં પધારવા પ્રમુખ ડૉ. મોહન પરમાર તથા મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ઓમ એજ્યુ. અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સાહિત્યકાર પિતાંબર પટેલની જન્મ શતાબ્દિ નિમિત્તે 'અંતરના અજવાળા' સાહિત્યિક વ્યાખ્યાન તા. ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ યોજાઈ ગયો, જેમાં ગુ.સા. અ. ના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી હતી, જયારે પિતાંબર પટેલના સુપુત્ર વિક્રમે પટેલની વાર્તાઓ વિષે અને જાણીતા નવલકથાકાર, મૂર્ધન્ય સાહિત્યકાર વિષે અને જાણીતા નવલકથાકાર, મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ પિતાંબર પટેલની નવલકથાઓ વિષે વકતવ્ય આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું.

- muljibhaidadhi@gmail.com

# સૌમ્ય - રૌદ્ર - કરાળ - કોમળ બાપુ અને મેઘાણી




મહાભારતની કથાનું જાણે પુનરાવર્તન થતું હોય તેવી સ્થિતિ ૧૯૩૧ ના ઓગસ્ટ મહીનામાં થઈ રહી હતી. મહાભારતના કથાનક મુજબ એક તરફ સર્વ સત્તા તેમજ સર્વ સંપત્તિના બની બેઠેલા માલિક સમાન કૌરવકુળના મહારાજા દુર્યોધન હતા. બીજી તરફ અન્યાયના ઓછાયા હેઠળ ગુમનામી દશામાં જીવતા પાંચ પાંડવ તથા દ્રૌપદી અને માતા કુંતી હતા. બન્ને વચ્ચે કડી બનીને ન્યાય મેળવવાની ચિંતા સેવતા યોગેશ્વર કૃષ્ણ હતા. લગભગ આજ રીતે ૧૯૩૧ માં પણ પરાધિનતાની બેડીઓ પહેરીને હિન્દુસ્તાનનો વિશાળ જન સમૂહ શોષણ તથા અપમાનજનક સ્થિતિમાં જીવી રહ્યો હતો. સામા પક્ષે દુનિયાના અનેક પ્રદેશો ઉપર આધિપત્ય ભોગવીને સત્તા તેમજ સમૃધ્ધિનો ઘમંડ ધરાવતું ઈંગ્લાંડ હતું. કરોડો ભારતીયોની મુંગી વેદનાનો દાવાનળ હેયામાં સંઘરીને ધીમા છતાં મક્કમ પગલા ભરનાર પોતડીધારી મોહન હતા. દુર્યોધન સાથેની મંત્રણાઓનું પરિણામ શૂન્ય હતું. અહીં મહાત્મા ગાંધી પણ અંગ્રેજ સત્તાધિશોની અકારણ



અકડાઈની અનુભૂતિ કરીને ખાલી હાથે તથા ભારે હૈયે પાછા ફરી રહેલા હતા. કૃષ્ણ તથા ગાંધીએ કરેલી ન્યાયની વાત બન્ને પ્રસંગોમાં શાસકોના ગળે ઉતરી ન હતી. બન્ને ઘટનાઓમાં સંઘર્ષણના મંડાણ અનિવાર્ય બન્યા હતા. ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહેલું હતું.

મેઘાણીના જન્મજયંતીના માસમાં તેમની સ્મૃતિ થાય છે. ઓગસ્ટના ઐતિહાસિક માસ સાથે બીજી પણ અનેક યાદગાર ઘટનાઓ સંકળાયેલી છે. દેશની મુક્તિના દ્વાર આ મહિનામાં જ ખુલ્યા. લાલ કિલ્લા પરથી એક નવલા પ્રભાતની પંડિત નહેરૂએ કરેલી ઘોષણામાં દેશના કરોડો માનવીઓની આકાંક્ષાઓનો પ્રતિભાવ પડઘાતો હતો. દેશના ભાગલાની લોહીયાળ ઘટના પણ આજ સમયમાં જગતે જોઈ. અનેક નિર્દોષ લોકોનો અકારણ ભોગ આ વિભિષિકાએ લીધો. આઝાદીનો ઉત્સવ દેશમાં ઉજવાતો હતો ત્યારે આ સોનેરી સ્વતંત્રતાના જનક ગાંધીજી બંગાળમાં ડહોળાયેલી સ્થિતિની વચ્ચે દુઃખી ભાંડુઓની વચ્ચે જઈને ઊભા હતા. આ માસમાં જ ગુજરાતના સમર્થ સંશોધક-લેખક પત્રકાર તથા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલામાં થયો. (તા.૨૮ ઓગસ્ટ-૧૮૯૬) કેટકેટલી અસાધારણ ઘટનાઓની સ્મૃતિ ઉરમાં સંઘરીને કાળદેવતા ઊભા હશે !

ગોળમેજી પરિષદમાં બાપુ જતા હોય તેની કથાનો કડીબધ્ધ ઈતિહાસ લખવા સૌરાષ્ટ્રના તે સમયના નિષ્પક્ષ તથા નીડર પત્રકારત્વના મશાલથી અમૃતલાલ શેઠ તલપાપડ થતા હોય તે સ્વાભાવિક છે. તેમના 'સૌરાષ્ટ્ર' અખબારના માધ્યમથી ગોળમેજી પરિષદની ઘટના સાથે વણાયેલા અસંખ્ય રાજકીય તાણાંવાણાં ઉકેલીને તે રજૂ કરવાનો શેઠ સાહેબનો પ્રયાસ હતો. પરંતુ આ બધી ઘટનાઓ વચ્ચે સમગ્ર પ્રસંગના કેન્દ્ર સમાન ગાંધીજીના મનોજગતનું ચિત્રણ કોણ કરી શકે ? તંત્રી અમૃતલાલ શેઠ જાણતા હતા કે આ કામ માત્ર મેઘાણી જ કરી શકે ! મેઘાણીભાઈ કવિ હતા. દ્રષ્ટા હતા. અસંખ્ય જનસમુદાયની વેદના ગાંધીની દ્રષ્ટિ મુજબ પારખનારા આ સર્જક હતા. નિહતર "છેલ્લો કટોરો" જેવી ધારદાર તથા અમર રચના કોણ કરી શકે ? તેમની તીક્ષ્ણ અને જાગૃત દ્રષ્ટિએ આ પ્રસંગને અનુરૂપ આ અમર રચનાનું સર્જન થયું. રચના એવી સચોટ કે તે ગાંધીને પણ સ્પર્શી ગઈ તેની પ્રતિતિ મહાદેવભાઈના લખાણ પરથી થાય છે. બાપુની ગોળમેજી પરિષદના પ્રયાણના આખરી સમયે જ ગીત રચાયું. ગીતની કેટલીક પ્રતો કઢાવીને આ ગીતના શબ્દો તાબડતોબ મુંબઈ પહોંચાડવાનો અર્થપૂર્ણ પ્રયાસ અમૃતલાલ શેઠે કર્યો. મુંબઈ બંદર પરથી ગાંધીજીની વિદાયના ટાણે ગીતની પ્રતોની વહેંચણી થઈ. પ્રસંગનું ગાંભીર્ય તો હતું જ. પરંતુ આ ઉજળા પ્રસંગને ચાર ચાંદ લગાડવાનું વિરાટ કાર્ય મેઘાણીની નીવડેલી કલમે કર્યું. રાષ્ટ્રપિતાના મનોભાવો તથા વેદનાનું આવું ચિત્રણ કદાચ કોઈ પણ ભાષાના પદ્ય કે ગદ્યમાં મળવું મુશ્કેલ છે. સમગ્ર હિન્દુસ્તાન પૂરા આદરથી ગાંધીને 'ખુદા હાફીઝ' કહે છે. સત્યની આફરી તાવણી માટે ઝેરનો કટોરો પી જવા માટે કવિ આગ્રહ કરે છે !

છેલ્લો કટોરો ઝેરનો! આઃ પી જજો બાપુ
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો બાપુ
સુર અસુરના આ નવયુગી ઉદધિ- વલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને !
તું વિના શંભુ ! કોણ પીશે ઝેર દોણે
હૈયા લગી ગરવા ગરલ ઝટ જાઓ રે બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર! કરાળ-કોમલ! જાઓ રે બાપુ !

બાપુની વિરાટ પ્રતિભા મેઘાણીભાઈના શબ્દોમાં કાળા વાદળોની વચ્ચે વિજ ચમકે તેમ આ કૃતિમાં ચમકી રહે છે. 'રાજપૂતાના' સ્ટીમરે પંથ ખેડવાનો પ્રારંભ કર્યો તે પછી મહાદેવભાઈ અનેક પત્રો સાથે મેઘાણીભાઈનું આ કાવ્ય પણ બાપુને વાંચવા આપે છે. આ રચના વાંચીને ગાંધીજીએ કહ્યું: "મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે." આરપાર જોઈ શકવાની આવી કવિ દ્રષ્ટિ જગતે બહુ ઓછા કિસ્સામાં જોઈ હશે.

ગોળમેજી પરિષદમાં કોઈ ચમત્કારી પરિણામ આવે તેવી આશા ભાગ્યે જ કોઈને હતી. પરંતુ બાપુએ ઈંગ્લેન્ડના વિશાળ માનવ સમુદાયની હિન્દુસ્તાનની મુક્તિ માટેની લડત માટે વ્યાપક સહાનુભૂતિ મેળવી હતી આ એક મોટી સિધ્ધિ હતી. બાપુ જયારે ગળમેજી પરિષદમાંથી હિન્દુસ્તાનમાં પાછા આવ્યા ત્યારે પણ મેઘાણીભાઈએ આ ઐતિહાસિક યાત્રાના નાયકને વધાવતી પંક્તિઓ લખી! શાયર ભાવુક થઈને ગાંધી જે માર્ગે આવતા હતા તે સાગરને જાગૃત થવા આહવાન કરે છે. દેશનો 'પ્રાણધાર' પાછો આવે છે તેની સુખ-સુવિધા માટે સાગરને 'હૈયે હિંડોળા બાંધવાની' વાત આ કવિજ કરી શકે !

સૂતો રે હોય તો જાગજે સાયર!
ઘેર આવે પ્રાણધાર
હૈયે તારે બાંધ હિંડોળા
મોભી મારો ખાય બે ઝોલા....
માતા ! તારો બેટડો આવે
આશાહીન એકલો આવે.

શ્રાવણની ભીનાશ લઈને જન્મેલા આપણા મહાકવિ મેઘાણીની ઓગસ્ટ માસમાં વિશેષ સ્મૃતિ થાય તે સ્વાભાવિક છે. કવિ કાગે તેમને ઉચિત અંજલિ આપતા શબ્દો લખ્યા છે :

લેખક સઘળા લોકની
ટાંકુ તોળાણી
વધી તોલે વાણીયા
તારી લેખણ મેઘાણી.

# 'ઓશો'ની નજરે : મહાત્મા ગાંધી અને તેમની આત્મકથા




'ઓશો' રજનીશે ગાંધીજી વિશે ઘણીબધી વાર વાતો કરી છે. ગાંધીના વિચાર બાબતે, ગાંધીના સત્યાગ્રહ અંગે, ગાંધીજીના ઉપવાસ કે આહાર તમામ મુદ્દાઓની 'ઓશો' એ ચર્ચા કરી છે. પરંતુ આ બધી ચર્ચાના સંદર્ભમાં ગાંધીજીની મજાક કેન્દ્ર સ્થાને રહેતી હતી. પરંતુ એ જ 'ઓશો' એ તેમના પ્રિય પુસ્તકો વિશે વાત કરી છે, તેમાં ગાંધીજીના 'સત્યના પ્રયોગો' ને સ્થાન આપ્યું છે.

'મેરી પ્રિય પુસ્તકે'માં 'ઓશો' એ પ્રસ્થાવનામાં નોંધ્યું છે કે મેં મારા જીવનમાં પુસ્તકોને પ્રેમ કર્યો છે. જયારે ગહન અંધકારમાં હું ઘેરાઈ ચૂકયો હોઉ, કશું જ નજરે ન પડતું હોય એવી સ્થિતિમાં આ પુસ્તતકો જ મારું અજવાળું બન્યા છે.' 'ઓશો' લખે છે એવા ઘણા પુસ્તકો છે કે જેમાં સત્યનો સ્વાદ છે પણ એમાં સત્યના સ્વાદથી વિશેષ કશું જ નહીં. પરંતુ આ પૈકી કેટલાક પુસ્તકો એવા છે કે જે એમના હૃદયમાં ગુંજે છે. મારા જીવનના દરેક વર્ષ મુજબ એક-એક પુસ્તકની હું વાત કરીશ. એ વખતે તેમની ઉંમર ૫૦ વર્ષની હતી. પરંતુ તેમણે લગભગ ૧૭૧ જેટલા પુસ્તકો પર વાત કરી છે. પુસ્તકો પરથી વાતોનું સંપાદન 'મેરી પ્રિય પુસ્તકે' રૂપે પ્રકાશિત થયું છે. જેમાં તેમણે મહાત્મા ગાંધીની આત્મકથાનો પણ સમાવેશ કર્યો છે. ગાંધી અને ગાંધી વિચારની ઠઠ્ઠા-મશ્કરી કરનારા 'ઓશો' ખુદ ગાંધીજીની આત્મકથાને પ્રિય પુસ્તકની સૂચિમાં સામેલ કરે એ આશ્ચર્યજનક વાત છે ખુદ તેમની પણ આવી જ મનોસ્થિતિ હતી. જેનો ઉલ્લેખ તેમણે 'સત્યના પ્રયોગો' વિશે વાત કરતા શરુઆતમાં જ કહ્યું છે.

'ઓશો' કહે છે, 'આજની પોસ્ટ સ્ક્રિપ્ટમાં જે પહેલાં

**ગાંધીના પ્રખર ટીકાકાર 'ઓશો'ના પ્રિય પુસ્તકોમાં 'સત્યના પ્રયોગો' સામેલ છે**

પુસ્તકની હું ચર્ચા કરવા જઈ રહ્યો છું તે વિશે કોઈએ વિચાર્યું પણ નહીં હોય હું આ પુસ્તક ઉપર ચર્ચા કરીશ. અને પછી 'ઓશો' કહે છે કે - એ પુસ્તક છે : મહાત્મા ગાંધીની આત્મકથા : 'મારા સત્યના પ્રયોગો'. સત્યના પ્રયોગોની ચર્ચા કરવી એ સાચે એક અદ્દ્ભૂત બાબત છે એમ તેઓ વ્યક્ત થાય છે.

'ઓશો' તેમના લહિયા આશુને કહે છે, તુ લખતો રહેજે, જો એ કામ તું નહીં કરે તો હું મહાત્મા ગાંધીની નિંદા કરીશ ! તું તારું કામ ચાલુ રાખજે તો જ હું તેમના પ્રત્યે નરમ રહી શકીશ. 'આજ સુધી કયારેય મહાત્મા તરફ નરમ રહ્યો નથી, એવું સ્પષ્ટ કહેનારા 'ઓશો' કહે છે : 'કોઈએ પણ પોતાની આત્મકથા આટલી પ્રામાણિકતા અને આટલી ઈમાનદારી સાથે લખી નથી. આ આત્મકથા અત્યાર સુધી લખાયેલી આત્મકથાઓમાં સૌથી વધુ પ્રમાણિક આત્મકથાઓમાંની એક છે.'

'ઓશો' ના વિચારો મુજબ આત્મકથા એટલે બહુ વિનમ્રતા દેખાડવાની કે ડિંગ હાંકવાનું એક રૂપ છે. પરંતુ મહાત્મા ગાંધી આ રીતના સહેજ પણ ન હતા. ગાંધીજીએ ખૂબ સરળતાથી અને તથ્યગત વાતો જ કરી છે, બિલકુલ એક વૈજ્ઞાનિકની માફક. તેમણે આ મારી આત્મકથા છે એવું સહેજ પણ વિચાર્યા વગર કે બીજા જે રીતે ઘણી વાતો છુપાવીને રાખે એવું કશું જ કર્યું નહીં, સીધું જ તેમણે રજૂ કરી દીધું છે.

કોઈ પણ ઉપર બહુ જ સહજતાથી પ્રહાર કરવાની શ્રેષ્ઠ આવડત ધરાવતા 'ઓશો' 'સત્યના પ્રયોગો' ઉપર એક બહુ સરસ મજાની વાત કરે છે. તેઓ કહે છે કે આત્મકથાના શીર્ષકમાં જે શબ્દ વપરાયો છે - 'પ્રયોગ' એ શબ્દ 'ઓબ્જેકટીવ સાયન્સ' એ વસ્તુતઃ વિજ્ઞાનની દુનિયાનો છે અને ગાંધીએ આ શબ્દનો ઉપયોગ કર્યો કારણ કે તેમણે એક વિજ્ઞાની માફક સમજાવ્યું છે. પ્રયોગ એ ઓબ્જેકટીવ શબ્દ છે, કોઈ પણ સબજેકટીવીટી - સ્વ સત્તા સાથે પ્રયોગ ના કરી શકે, માત્ર વિજ્ઞાની જ એ કરી શકે, ગાંધીએ આત્મકથામાં એ કરી બતાવ્યું છે એટલે એ વિજ્ઞાની છે.' - એમ તેઓ દર્શાવે છે.

અલબત્ત તેઓ ગાંધીને ધ્યાની તરીકે સ્વીકારતા નથી પરંતુ 'ખરેખર એક સારો માણસ ગણાવે છે અને પોતાના સ્વભાવ મુજબ 'ઓશો' ગાંધીને જીવનભર પ્રયોગો કર્યા પછી પણ કશું ન મેળવી શકનાર તરીકે નવાજે છે પરંતુ એની સાથે એ એમ પણ કહે છે કે 'આટલો પ્રામાણિક, સાચો, ઈમાનદાર આદમી અને સત્યને જાણવાની પ્રબળ ઈચ્છા ધરાવનાર માણસ મળવો જ મુશ્કેલ છે. ગાંધી આવો માણસ હતો.'

- 'ઓશો' એ મહાત્મા ગાંધીના બાબતે પણ પોતાની જાત પ્રત્યે એક મોટો અપવાદ સર્જી દીધો એમ આપણે કહી શકીએ કારણ કે 'ઓશો' એ કયારેય કોઈની ટીકા કરવાની છોડી ન હતી પરંતુ સાથે એ પણ સત્ય છે કે જેની ટીકા કરી એની પ્રશંસા તો તેમણે કરી જ ન હોય. પરંતુ ગાંધીના સંબંધે 'ઓશો' નો આ સ્વભાવ ના રહ્યો. તેમણે ગાંધીની ટીકા તો બેબાક કરી પણ પ્રશંસા પણ એટલી જ કરી. માનો એવી રીતે કે જાણે એક મ્યાનમાં બે તલવાર !

ઓશો એ પૂર્ણ સન્યસ્ત જીવન ધારણ કર્યું એ પહેલાં પૂર્વાશ્રમમાં તેમનું નામ રજનીશ હતું, ને તેઓ 'રજનીશચંદ્ર મોહન' એવો ઉલ્લેખ કરતાં હતા. યાદ રહે તેમના પિતાનું નામ મોહન ન હતું. પણ મોહન નામ પ્રત્યે તેમને લગાવ હતો એ સ્પષ્ટ થાય છે, તેમના નામ પાછળનું મોહન કેમ હતું ! એ તો 'ઓશો'ના શિષ્યો જ સારી રીતે કહી શકે.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)